# એસએસવી કેમ્પસમાં શિક્ષક દિવસ




ગાંધીનગર, તા. ૮
એસએસવી કેમ્પસ, સેક્ટર-૩ ખાતે શિક્ષક દિવસની ઉત્સાહી ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ શિક્ષકોની વેશભૂષા ધરી હતી અને ઉત્સાહપૂર્વક એક દિવસનું શિક્ષણકાર્ય પણ સંભાળી લીધું હતું. આ ઉપરાંત શાળા દ્વારા શિક્ષકોને પ્રોત્સાહિત કરવા માટે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે શિક્ષકોનું સન્માન કર્યું હતું.

# ખેલ મહાકુંભની કબડ્ડી સ્પર્ધામાં આર જી પટેલ શાળા ઝળકી





ગાંધીનગર, તા. ૮
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા શાળા દ્વારા ખેલ મહાકુંભની કબડ્ડી સ્પર્ધામાં ભાગ લઈ અન્ડર-૧૪ વિભાગમાં પ્રથમ ક્રમે વિજેતાપદ મેળવવામાં આવ્યું હતું. ટીમની પસંદગી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે શાળાની ટીમે તાલુકા કક્ષાએ અન્ડર-૧૭ વિભાગમાં પણ પ્રથમ વિજેતાપદ મેળવીને જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી. ટીમને માર્ગદર્શન ઉર્વશીબેન જોષી અને હાર્દિકભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. આચાર્ય અને શાળા પરિવાર વતી બંને માર્ગદર્શકો, ટીમને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## જન્મદિને વધામણી



હફસા બ્લોચ
મો. ૯૭૨૫૨ ૦૩૪૩૯



ડેલ્વિના
ગૌતમકુમાર અમિન
મો. ૯૭૨૩૨ ૭૫૧૫૧



મહર્ષ નિખીલભાઈ મોદી
મો. : ૯૯૨૫૨૮૪૫૧૩



આશિષકુમાર
ખેમચંદભાઈ નાયી
મો. ૯૯૨૫૮ ૧૦૮૦૮



સંજયકુમાર
ખેમચંદભાઈ નાયી
મો. ૯૯૨૫૪ ૮૩૯૯૭

### બેન્ક ઑફ ઈન્ડિયા દ્વારા પોતાના સ્થાપના દિવસ નિમિત્તે

# આયુર્વેદિક હૉસ્પિટલ પરિસરમાં વૃક્ષારોપણ



ગાંધીનગર, તા. ૮
બેંક ઑફ ઈન્ડિયાના ૧૧૪મા સ્થાપના દિવસ (૦૭ સપ્ટેમ્બર ૨૦૧૯) નિમિત્તે બૅન્કની ગાંધીનગર ઝોનલ ઓફિસ દ્વારા આયુર્વેદિક હોસ્પિટલ, સેક્ટર-૨૨માં ૧૧૪ જેટલા આમળાના છોડનું આરોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરના ઝોનલ મેનેજર સુવેન્દુ કુમાર બેહેરા અને ડેપ્યુટી ઝોનલ મેનેજર ગિરીશ કુમાર ઉપસ્થિત રહ્યા હતા. બેંક ઑફ ઈન્ડિયા ઝોનલ ઓફિસ અને નજીકની શાખાના સ્ટાફે સાથે મળીને આ છોડનું આરોપણ કર્યું હતું અને તેમનું જતન કરવાનો પણ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.




લાયન્સ ક્લબ ગાંધીનગર અને લાયન્સ ક્લબ બ્લડ બેન્ક દ્વારા શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સૅક્ટર-૭ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજની વિદ્યાર્થિનીઓએ આ કેમ્પમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેના પરિણામે કુલ ૫૦ યુનિટ બ્લડ આ કેમ્પ અંતર્ગત એકત્ર કરી શકાયું હતું. લાયન્સ ક્લબના સભ્યો અને કૉલેજ પરિવારે આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# સરસ્વતી વિદ્યાલયમાં શિક્ષક દિવસ ઉજવાયો



સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ ખાતે શિક્ષક દિવસની ઉજવણી ઉત્સાહી વાતાવરણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ એક દિવસનું શૈક્ષણિક કાર્ય બખૂબી નિભાવ્યું હતું અને સરાહનીય રીતે વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડ્યું હતું. અંતિમ બે તાસમાં શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો પણ વર્ણવ્યા હતા અને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો ટૂંકમાં પરિચય પણ આપ્યો હતો. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા શાળા તરફથી પુરસ્કાર પણ અર્પણ કરવામાં આવ્યા હતા.

# ડીપીએસમાં સ્વાસ્થ્ય જાગૃતિ વ્યાખ્યાન






દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓમાં ડેન્ગ્યુ, મલેરિયા અને વાઈરલ ફિવરથી રક્ષણ માટેની જાગૃતિ વધારવા હેતુ એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા મૅડિકલ ઑફિસર (મલેરિયા) ધર્મેશ પરીખે છાત્રોને સુરક્ષા અંગેની નાની નાની બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું અને પાણીમાં જીવતા લારવા પ્રત્યક્ષ બતાવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તરો પણ તેમણે પાઠવ્યા હતા.

# બાપુ નૉલેજ વિલેજમાં શિક્ષક દિવસની ભવ્ય ઉજવણી



બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી અને ફાર્મસી દ્વારા શિક્ષક દિવસ ખૂબ જ ઉત્સાહ અને શિસ્તપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટૅકનોલૉજીના મિકેનીકલ, ઈસી, સિવિલ, આઈટી, કમ્પ્યુટર, ઈલેક્ટ્રીક તથા સાયન્સ ઍન્ડ હ્યુમેનિટીઝ વિભાગના વિદ્યાર્થીઓએ ઉમંગ અને ઉલ્લાસથી એક દિવસ માટે શિક્ષક બની જ્ઞાનની આપ-લે કરી હતી. શિક્ષક દિવસની શરૂઆત બીએપીએસ સંસ્થાના વક્તા અરવિંદભાઈ વાઘરોડિયા દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ અધ્યાપક બનેલા વિદ્યાર્થીઓએ શિક્ષણકાર્યનો આરંભ કર્યો હતો. દિવસના અંત ભાગમાં વિભાગદીઠ શ્રેષ્ઠ શિક્ષકના ઍવૉર્ડ આપવામાં આવ્યા હતા.

સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, ડિરેક્ટર પ્રા. રવિ કુમાર, ટૅકનોલૉજી ઈન્સ્ટીટ્યુટના આચાર્ય ડૉ. કિંજલ અધ્વર્યુ, ફાર્મસી કૉલેજના આચાર્ય ડૉ. ધર્મેશ ગોલવાલાએ વિદ્યાર્થીઓને શિક્ષક દિવસની આ સફળ ઉજવણી બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## પુણ્યસ્મરણ અને પશ્ચાતાપ

મારા જીવનમાં એવા બનાવો બન્યા જ કર્યા છે જે વડે હું અનેક ધર્મીઓના અને અનેક જાતિઓના ગાઢ પરિચયમાં આવી શકયો છું. એ બધાઓના અનુભવો પરથી એમ કહી શકાય કે મેં સગાં અને પરાયાં, દેશી અને પરદેશી, ગોરા અને કાળા, હિંદુ અને મુસલમાન અથવા ખ્રિસ્તી, પારસી કે યહૂદી વચ્ચે ભેદ નથી જાણ્યો. મારું હૃદય એવા ભેદને ઓળખી જ નથી શક્યું એમ કહી શકું છું આ વસ્તુને મારે વિષે હું ગુણ નથી માનતો, કેમ કે જેમ અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહાદિ યમોને કેળવવાનો પ્રયત્ન કર્યાનું ને તે પ્રયત્ન હજુ ચાલુ હોવાનું મને પૂર્ણ ભાન છે, તેમ આવો અભેદ કેળવવાનો મેં ખાસ પ્રયત્ન કર્યો હોય એવો મને ખ્યાલ નથી. જયારે હું ડરબનમાં વકીલાત કરતો ત્યારે ઘણી વાર મારા મહેતાઓ મારી સાથે રહેતા. તેમાં હિંદુ અને ખ્રિસ્તી હતા, અથવા પ્રાંતવાર કહીએ તો ગુજરાતી અને મદ્રાસી હતા. તેમને વિશે મારા મનમાં કદી ભેદભાવ ઊપજયાનું મને સ્મરણ નથી. તેમને હું કુટુંબીજન ગણતો ને જો પત્ની તરફથી તેમાં કંઈ વિઘ્ન આવે તો તેની જોડે લડતો. એક મહેતો ખ્રિસ્તી હતો. તેના માતાપિતા પંચમ જાતિનાં હતાં. ઘરની બાંધણી પશ્ચિમ ઘાટની હતી. તેમાં કોટડીઓમાં ખાળ હોતા નથી-હોવા પણ ન જોઈએ એમ હું માનું છું- તેથી દરેક કોટડીમાં મોરીને બદલે પેશાબને સારુ ખાસ વાસણ હોય છે. તે ઉપાડવાનું કામ નોકરનું નહોતું, પણ અમારું ધણિધણિયાણીનું હતું. મહેતાઓ જે પોતાને ઘરના જેવા માનતા થઈ જાય તે તો પોતાનું વાસણ પોતે ઉપાડે પણ ખરા. આ પંચમ કુળમાં જન્મેલ મહેતા નવા હતા. તેમનું વાસણ અમારે જ ઉપાડવું જોઈએ. બીજાં તો કસ્તૂરબાઈ ઉપાડતી, પણ આ તેને મન હદ આવી. અમારી વચ્ચે કલેશ થયો. હું ઉપાડું એ તેને ન પાલવે, તેને પોતાને ઉપાડવું ભારે થઈ પડયું. આંખમાંથી મોતીનાં બિદુ ટપકાવતી, હાથમાં વાસણ ઝાલતી, અને મને પોતાની લાલ આંખોથી ઠપકો આપતી, સીડીએથી ઊતરતી કસ્તૂરબાઈને હું આજે પણ ચીતરી શકું છું.

પણ હું તો જેવો પ્રેમાળ તેવો ઘાતકી પતિ હતો. મને પોતાને હું તેનો શિક્ષક પણ માનતો ને તેથી મારા અંધ પ્રેમને વશ થઈ સારી પેઠે પજવતો.

આમ તેના માત્ર વાસણ ઊંચકી જવાથી મને સંતોષ ન થયો. તે હસતે મુખે લઈ જાય તો જ મને સંતોષ થાય. એટલે મેં બે બોલ ઊંચે સાદે કહ્યા. 'આ કંકાસ મારા ઘરમાં નહીં ચાલે,' હું બબડી ઊઠયો.

આ વચન તીરની જેમ ખૂંચ્યું.

પત્ની ધગી ઊઠીઃ 'ત્યારે તમારું ઘર તમારી પાસે રાખો, હું ચાલી.'

હું તો ઈશ્વરને ભૂલ્યો હતો. દયાનો છાંટો સરખો નહોતો રહ્યો. મેં હાથ ઝાલ્યો. સીડીની સામે જ બહાર નીકળવાનો દરવાજો હતો. હું આ રાંક અબળાને પકડીને દરવાજા લગી ખેંચી ગયો. દરવાજો અરધો ઉઘાડયો.

આંખમાંથી ગંગાજમના વહી રહ્યાં હતાં, અને કસ્તૂરબાઈ બોલીઃ

'તમને તો લાજ નથી. મને છે. જરા તો શરમાઓ. હું બહાર નીકળીને કયાં જવાની હતી ? અહીં માબાપ નથી કે ત્યાં જાઉં. હું બાયડી થઈ એટલે મારે તમારા ધુંબા ખાવા જ રહ્યા. હવે લજવાઓ ને બારણું બંધ કરો. કોઈ જોશે તો બેમાંથી એકે નહીં શોભીએ.' (ક્રમશઃ)

૧૫૦ ગાંધીયાત્રા

**સૌજન્ય : સત્યના પ્રયોગો**

### અમદાવાદ ખાતે સંસ્કૃતભારતીના સહયોગથી

# સંસ્કૃત ચલચિત્રનો લોકાર્પણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૮
ગુજરાતમાં સૌપ્રથમ વખત એચ. ટી. પારેખ હોલ, એ. એમ. એ. અમદાવાદ ખાતે સંસ્કૃતભારતીના સહયોગથી સંસ્કૃત ચલચિત્રનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. દેવભાષા સંસ્કૃતને જીવનભાષા બનાવવા માટે સંસ્કૃત પ્રચાર પ્રસાર માટે વિવિધ પ્રકારના પ્રકલ્પો વિભિન્ન સામાજિક સંસ્થાઓ દ્વારા કાર્યરત છે. ભારતીય સિનેમા માટે વિખ્યાત રાજનારાયણ દુબે દ્વારા સ્થાપિત અત્યાધુનિક સિનેમા કંપની દ. બોમ્બે ટોકિઝ સ્ટૂડિયોએ મુખ્ય ધારામાં જ સંસ્કૃત ફીલ્મ બનાવી. ધી બોમ્બે ટોકિજના પ્રવર્તમાન સંચાલક બહુમુખી પ્રતિભાના માલિક એવા ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક આઝાદ આ લોકાર્પણમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

અમદાવાદના સાંસદ માનનીય કિરિટભાઈ સોલંકી






આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે જણાવ્યું કે ફીલ્મ જગતમાં આ સંસ્કૃત ફીલ્મ કાર્ય ખરેખર સરાહનીય પ્રયત્ન છે. અને આજે મને આનંદ થાય છે કે મારાં સંસદીય ક્ષેત્રમાં પહેલી વખત લોકાર્પણ થઈ રહ્યું છે. આ દૈવી કાર્યને જનસમુદાય સ્વિકારશે તેવી મને આશા છે. ફિલ્મ નિર્માતા આઝાદ જેવાં વિરલ વ્યક્તિત્વને વંદન કરું છું કે તેમણે કઠોર પરિશ્રમ કરીને મૂલ્યનિષ્ઠ અને પ્રસંશનીય સેવા કરી છે.

સંસ્કૃત ભારતીના ગુજરાત પ્રાંત મંત્રી જયશંકર રાવળે સંસ્કૃત પ્રચારના વિવિધ પ્રકારના પ્રકલ્પો અને સંસ્કૃત વિષયની વર્તમાન સમયમાં ઉપયોગીતા અને સંસ્કૃતભારતીના વિવિધ પ્રકલ્પો ગણાવ્યાં હતાં અને સંસ્કૃત ચલચિત્રને પ્રસંશનીય ઉપક્રમ ગણાવ્યો હતો.

સંસ્કૃત ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક આઝાદે જણાવ્યું હતું કે આજે આપણા દેશમાં રાષ્ટ્ર નિર્માણની જરૂર છે ત્યારે અમોએ રાષ્ટ્ર ભક્તિને સંસ્કૃત સિનેમાના માધ્યમથી દેશ સેવાના માર્ગને પસંદ કર્યો અને અભિનય અને સંવાદો દ્વારા તેમણે પૂર્ણ સભાને મંત્ર મુગ્ધ બનાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃતભારતીના ઉપાધ્યક્ષ વાસુદેવ પુરોહિતે કર્યું હતું.